ગુજરાતમિત્ર તા. ૯-૧૨-૦૫

# સુરત મહાનગરપાલિકા

### શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫

### નગર રચના યોજના, સુરત નં. ૫૧ (ડભોલી)

## જાહેર સુચના

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૧) અન્વયે નગર રચના યોજના નં. ૫૧ (ડભોલી) તૈયાર કરવાનો ઈરાદો નગર નિયોજન સમિતિએ તેના તા.૧૮/૬/૨૦૦૫નાં ઠરાવ નં. ૨૮/૨૦૦૫થી જાહેર કરેલ છે.

આથી સદર યોજના વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનોનાં જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યકિતઓની-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ-૧૯૭૯નાં નિયમ-૧૭ હેઠળની જોગવાઈ અનુસાર એક સભા સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે રાખવામાં આવી છે. જેમાં યોજનાની સઘળી દરખાસ્તો અંગે સમજુતી આપવામાં આવશે. તેમજ જમીન માલિકો/હિત સંબંધ ધરાવનારા વ્યકિતઓ મારફત આ દરખાસ્ત અંગે જે કોઇ સુચનો કે વાંધાઓ રજુ કરવામાં આવશે તે પણ યોગ્ય જણાયે ધ્યાને લેવામાં આવશે. આ સભામાં હાજર રહેવા માટે હિત ધરાવનારી દરેક વ્યકિતઓને કે જેઓના સરનામાની જાણકારી સુરત મહાનગરપાલિકાને છે તેઓને વ્યકિતગત નોટીસ આપવામાં આવી રહી છે છતાં આ જાહેર સુચનાથી મજકુર નગર રચના યોજના નં. ૫૧ (ડભોલી)માં સમાવિષ્ટ જમીનોના માલિકોને તેમજ હિત ધરાવનારી વ્યકિતઓને નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે હાજર રહેવા વિનંતી છે.

<u>નગર રચના યોજના, સુરત નં. ૫૧ (ડભોલી):-</u>

| | |
|---|---|
| મોજે: ડભોલી, રે.સ. નંબર: | ૧, ૨, ૩ પૈકી, ૪ પૈકી, ૫ થી ૧૬, ૧૭ પૈકી, ૧૮ પૈકી, ૧૯ થી ૨૯, ૩૦ પૈકી, ૩૨ પૈકી, ૩૪ થી ૧૩૦, ૧૩૧ પૈકી, ૧૩૨ પૈકી, ૧૩૩ થી ૧૪૭, ૧૪૮ પૈકી, ૧૪૯ પૈકી તથા |
| મોજે વેડ, રે.સ.નં. : | ૧૩૬ પૈકી |
| તારીખ: | ૧૭-૧૨-૨૦૦૫ |
| સમય: | સવારે ૧૦-૩૦ કલાકે |
| સ્થળ: | ગાંધી ખંડ, મુખ્ય કચેરી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત |

નં.પીઆરઓ/૪૨૭/૨૦૦૫-૦૬
તા:૮/૧૨/૦૫

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

ગુજરાત સમાચાર તા ૯-૧૨-૦૫

શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫

# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના, સુરત નં. ૫૧ (ડભોલી)

## જાહેર સુચના

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) અન્વયે નગર રચના યોજના નં. ૫૧ (ડભોલી) તૈયાર કરવાનો ઈરાદો નગર નિયોજન સમિતિએ તેના તા. ૧૮/૯/૨૦૦૫નાં ઠરાવ નં. ૨૮/૨૦૦૫ થી જાહેર કરેલ છે.

આથી સદર યોજના વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનોનાં જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ-૧૯૭૯નાં નિયમ-૧૭ હેઠળની જોગવાઈ અનુસાર એક સભા સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે રાખવામાં આવી છે. જેમાં યોજનાની સઘળી દરખાસ્તો અંગે સમજુતી આપવામાં આવશે. તેમજ જમીન માલિકો/હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓ મારફત આ દરખાસ્ત અંગે જે કોઈ સુચનો કે વાંધાઓ રજૂ કરવામાં આવશે તે પણ યોગ્ય જણાયે ધ્યાને લેવામાં આવશે. આ સભામાં હાજર રહેવા માટે હિત ધરાવનારી દરેક વ્યક્તિઓને કે જેઓના સરનામાની જાણકારી સુરત મહાનગરપાલિકાને છે તેઓને વ્યક્તિગત નોટીસ આપવામાં આવી રહી છે છતાં આ જાહેર સૂચનાથી મજકુર નગર રચના યોજના નં. ૫૧ (ડભોલી)માં સમાવિષ્ટ જમીનોના માલિકોને તેમજ હિત ધરાવનારી વ્યક્તિઓને નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે હાજર રહેવા વિનંતી છે.

<u>નગર રચના યોજના, સુરત નં. ૫૧ (ડભોલી) :</u>

મોજે : ડભોલી, રે.સ. નંબરઃ ૧, ૨, ૩ પૈકી, ૪ પૈકી, ૫ થી ૧૬, ૧૭ પૈકી, ૧૮ પૈકી, ૧૯ થી ૨૯, ૩૦ પૈકી, ૩૨ પૈકી, ૩૪ થી ૧૩૦, ૧૩૧ પૈકી, ૧૩૨ પૈકી, ૧૩૩ થી ૧૪૭, ૧૪૮ પૈકી, ૧૪૯ પૈકી તથા

મોજે વેડ, રે.સ.નં. : ૧૩૬ પૈકી

તારીખ : ૧૭-૧૨-૨૦૦૫ સમય : સવારે ૧૦.૩૦ કલાકે

સ્થળ : ગાંધીખંડ, મુખ્ય કચેરી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત

નં ટીઆરઓ/૪૨૭/૨૦૦૫-૦૬
તા. ૮/૧૨/૦૫

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા